# હિસાબી અધિકારી -વ- હિસાબ નિયામકશ્રીની કચેરી
## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ - ૩૮૮૧૧૦ (ગુજરાત)

**નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે ઇન્કમ ટેક્ષ / ટીડીએસની રકમ જે તે કચેરી દ્વારા તેમના TAN માં જમા કરાવવા બાબત..**

### -: પરિપત્ર :-

આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ અને ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન કર્મચારીઓના પગાર બીલમાંથી જે ઇન્કમ ટેક્ષ કપાત કરવામાં આવે છે તેમજ પાર્ટી/ સંસ્થાઓના બીલોમાંથી જે ટીડીએસ કપાત કરવામાં આવે છે તેના ચેક જે તે કચેરીએ અગાઉની જેમ આપની કચેરીના TAN નંબરમાં જ જમા કરાવવાનો રહેશે.

તા. ૦૧/૦૪/૨૦૧૫ થી ઇન્કમ ટેક્ષ અને ટીડીએસની રકમ આવક વેરા વિભાગ દ્વારા નિયત કરેલ સમય મર્યાદા મુજબ આપની કચેરીનાં TAN નંબરમાં બેંકમાં જમા કરાવવાની રહેશે તેમજ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન કપાત કરેલ ઇન્કમ ટેક્ષ અને ટીડીએસની ત્રિમાસિક / વાર્ષિક ઇ-રીર્ટન નિયત સમય મર્યાદામાં ફાઇલ કરવાની જવાબદારી અને ફોર્મ ૧૬ / ફોર્મ ૧૬ A ઇસ્યુ કરવાની જવાબદારી જે તે કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીની રહેશે.

ગત નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧/૦૩/૨૦૧૫ સુધીના ઇન્કમ ટેક્ષ અને ટીડીએસના તમામ ચેક તેમજ માર્ચ-૨૦૧૫ના પગારબીલ (પેઇડ ઇન એપ્રીલ-૨૦૧૫)માંથી કપાત કરવામાં આવેલ ઇન્કમ ટેક્ષની રકમનો ચેક પણ તા. ૦૭/૦૪/૨૦૧૫ પહેલા આપની કચેરીના TAN નંબરમાં ચલણથી બેન્કમાં જમા કરાવવાના રહેશે.

હિસાબ નિયામક

નં. આકૃયુ/હિઅવહિનિ/પરિપત્ર/3-9 /૨૦૧૫
તારીખ: ૦૧/૦૪/૨૦૧૫

નકલ રવાના :

(૧) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ સારૂ.
(૨) તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ સારૂ.
(૩) પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર, કેવીકે (અરણેજ/દાહોદ/દેવાતજ), આણંદ કૃષિ યુનિવર્સિટી તરફ તા. ૦૧/૦૪/૨૦૧૫થી આપની કચેરીના કર્મચારીઓને પગારનો ચેક આપની કચેરી દ્વારા આપવામાં આવતો હોય ઇન્કમ ટેક્ષનો ચેક દર મહિને હવેથી આપની કચેરીના TAN નંબરમાં જમા કરાવવાનો રહેશે જેની ખાસ નોંધ લેશો.
(૪) વહીવટી-વ-હિસાબી અધિકારી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
(૫) હિસાબી અધિકારી (કેશ), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.